નેશનલ ન્યુટ્રીશન મિશન અંતર્ગત જોઈન્ટ પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટરની જગ્યાઓ આઉટસોર્સથી ભરવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-આઇસીડી/૧૦૨૦૧૮/૧૨૩૨/બ-૧
સચિવાલય ગાંધીનગર
તારીખઃ- ૨૦/૦૧/૨૦૨૦

વંચાણે લીધાઃ-

(1) ભારત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય નવી દીલ્હીના પત્ર ક્રમાંક: NNM/ 72017/WBP, તા.૨૬/૦૨/૨૦૧૮

(2) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૧૨૦૧૮/૧૦૩૧/બ તા. ૦૮/૦૨/૨૦૧૮

(3) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૮/૧૨૩૨/બ-૧ તા. ૧૯/૦૭/૨૦૧૮

(4) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૮/૧૨૩૨/બ-૧ તા. ૧૩/૦૮/૨૦૧૯

(5) નિયામકશ્રી (આઈસીડીએસ) કચેરીનો પત્ર ક્રમાંક: આઈસીડીએસ/પોષણ અભિયાન/ એનએનએમ/જગ્યા/મંજુરી/૮૨૨૧૪૩/૨૦૧૯, તા.૨૫/૧૦/૨૦૧૯

## પ્રસ્તાવના

આમુખ (૧) થી ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા નેશનલ ન્યુટ્રીશન મિશનના અમલીકરણ માટે ગાઇડ લાઇન આપવામાં આવેલ છે આમુખ (૨) થી નેશનલ ન્યુટ્રીશન મિશનના અમલીકરણની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે આમુખ (૩) થી નેશનલ ન્યુટ્રીશન મિશનની જગ્યાઓને આઉટસોર્સિંગ/પ્રતિનિયુકિતથી ભરવાની મંજુરી આપવામાં આવેલ છે. આમુખ (૪) થી નેશનલ ન્યુટ્રીશન મિશનના અમલીકરણ માટે રાજ્ય કક્ષાએ જોઈન્ટ પ્રોજેકટ કો-ઓર્ડીનેટરની ૦૩ (ત્રણ) જગ્યાઓની સેવાઓ પ્રતિનિયુકિતથી ન ભરાતા આઉટસોર્સિંગથી

ભરવાની મંજુરી આપેલ હતી. આમુખ (૫) થી જોઈન્ટ પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટરની જગ્યાઓનું વેતન અને લાયકાત નક્કી કરવા માટે કરેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

**//ઠરાવ//**

આથી નેશનલ ન્યુટ્રીશન મિશન હેઠળ રાજય કક્ષાની જોઈન્ટ પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટરની ૦૩(ત્રણ) જગ્યાઓની સેવાઓ નાયબ નિયામક કે તેનાથી ઉપરની કક્ષાના વર્ગ-૧ ના નિવૃત અધિકારીશ્રીઓ દ્વારા રૂ.૫૦,૦૦૦/- (પચાસ હજાર પુરા) ફિક્સ પ્રતિ માસથી ૧૧ માસ માટે આઉટસોર્સિંગથી લેવાની મંજુરી આપવામાં આવે છે.

અગિયાર માસ બાદ આ જગ્યાઓની સેવાઓ ચાલુ રાખવાની જરૂર જણાય તો આ વિભાગ મારફત નાણા વિભાગની મંજુરી મેળવવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૦/૦૧/૨૦૨૦ ની નોધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૨. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૩. નાયબ સચિવશ્રી (કરકસર) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
૫. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
૬. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
૭. નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
૮. શાખા સિલેક્ટ ફાઇલ.